सत्यमेव जयते

GJSK040026412024

| | | |
|---|---|---|
| દાખલ કર્યા તારીખ | : | ૧૨.૦૮.૨૦૨૪ |
| રજી.કર્યા તારીખ | : | ૧૨.૦૮.૨૦૨૪ |
| ફેંસલ કર્યા તારીખ | : | ૦૮.૦૬.૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ |

---

## ઇડરના મે. એડી.ચીફ.જયુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં ઇડર

---

**ક્રિમીનલ પરચુરણ અરજ નં.૨૬૫/૨૦૨૪**
**આંકઃ-**

**અરજદારઃઃ** ચંદ્રાવતીબેન તે બારોટ ચુનીલાલ નરસિંહભાઇ ની દીકરી
અને બારોટ કમલેશભાઇ ડાહયાભાઇની સીધવા ઓરત
રહે.ઇડર, તા. ઇડર,જી.સાબરકાંઠા

**વિરૂધ્ધ**

**સામાવાળાઓઃઃ** (૧)બારોટ કમલેશભાઇ ડાહયાભાઇ, ઉ.આ.વ.૪૨,
(૨) બારોટ ડાહીબેન ડાહયાભાઇ, ઉ.વ.પુખ્ત,
બંને રહે.દિવ્ય જીવન સીટી નવા નરોડા, જે.૫૦૭ પાંચમા માળે,
મુ. અમદાવાદ

**વિષયઃ ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૧૮,૧૯,૨૨,૨૩ મુજબ ફરીયાદ.**

---

**અરજદાર તરફે વિ.વ.શ્રી પી.કે. પંડયા**
**સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી વાય.સી.પંડયા**

---

## JUDGMENT

(૧) આ કામના અરજદારે ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૧૮,૧૯, ૨૨,૨૩ વિગેરે હેઠળ ફરિયાદ તથા રક્ષણ આપવા હુકમો મેળવવા સામાવાળા વિરૂધ્ધ હાલની

અરજી કરેલ છે, જેમા તેમણે જણાવેલ છે કે, અમો અરજદારના લગ્ન સને–૨૦૦૯ ની સાલમાં આ કામના સામાવાળા નં.૧ સાથે સમાજના રીતરીવાજ મુજબ તેમજ હિંદુ શાસ્ત્રોકત વિધિ મુજબ થયેલ અને ત્યારથી સામાવાળા નં.૧ અરજદારના કાયદેસરના પતિ થાય છે તેમજ સામાવાળા નં. ૨ અમારા સાસુ થાય છે અને સામાવાળા નં.૧ સાથેના લગ્નજીવનથી મારે સંતાનમાં એક દીકરો નામે આર્યનનો જન્મ થયેલ અને તે અમદાવાદ ખાતે અભ્યાસ કરે છે. લગ્નબાદ :અખો અરજદાર સામાવાળાઓ સાથે સંયુક્ત કુટુંબમાં અમારી સાસરીમાં રહી લગ્નજીવની ફરજો અદા કરતાં આવેલા. લગ્ન બાદ શરૂઆતના સામાવાળાઓએ મને સારી રીતે રાખેલ પરંતુ ત્યારબાદ સામાવાળા નં.૧ નાએ છેલ્લા ત્રણેક વર્ષથી મારાં ઉપર વહેમ રાખવાનું શરૂ કરેલ અને મારી સાથે અવારનવાર નાની નાની બાબતોમાં ઝગડો કરતાં અને આ બાબતે સામાવાળા નં.ર સામાવાળા નં.૧ને ચઢવણી કરતાં હોઈ જેથી સામાવાળા નં.૧ કોઈપણ જાતના વ્યાજબી કારણ વિના નાની નાની બાબતોમાં અમો અરજદારનો વાંક ગુનો કાઢી અમોને અવારનવાર મારઝૂડ કરી માનસિક તેમજ શારીરિક ત્રાસ આપવા લાગેલાં તેમ છતાં અમારું ઘરસસાર બગડે નહીં તેવાં શુભઆશયથી અમે અરજદાર તેઓનો ત્રાસ મુંગામોઢે સહન કરતાં આવેલાં પરંતુ તેઓના વર્તનમાં કોઈ સુધારો થયેલો નહીં અને સામાવાળા નં.૧એ અમદાવાદ ખાતે ન્યુ નરોડા દિવ્યજીવન સીટી ફ્લેટ નંબર–જે.૫૦૭ નંબરનો ખરીદેલ જે ફ્લેટમાં સામાવાળા નં.૨ના કહેવાથી સામાવાળા નં.૧એ મને મારા પિતાજી પાસેથી રૂા. ૨,૦૦,૦૦૦/– લઈ આવવા જણાવેલ અને આ પૈસા લાવવા માટે મને સામાવાળાઓ અવારનવાર મહેણાંટોણાં મારતા હોઈ જેથી મેં મારું લગ્નજીવન બગડે નહી તે સારું મારા પિતાજી પાસેથી રૂા. ૨,૦૦,૦૦૦/– રોકડા લાવી સામાવાળા નં.૧ને આપેલાં તેમજ સામાવાળા નં.૧એ મારા શ્રીમંત વખતે આવેલ દરદાગીના તે પણ ગીરવે મુકી પૈસા લઈ ફ્લેટમાં વાપરી નાંખેલ તેમ છતાં સામાવાળાઓએ મને કોઈને કોઈ બહાને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવાનું ચાલુ રાખેલ ત્યારબાદ હોળી ધુળેટીનો તહેવાર હોઈ જેથી હું તથા સામાવાળાઓ તેમજ મારા બાળક સાથે તા.૦૬–૦૩–૨૦૨૩ ના રોજ અમદાવાદ થી કોઠંબા ખાતે અમારા વતનમાં આવેલાં આ પહેલાં અમારે સામાવાળા નં.ર સાથે ઝગડો થયેલ હોઈ જેથી મેં તેમની સાથે વાત કરેલ નહીં જેથી તા.૦૮–૦૩–૨૦૨૩ ના રાતના નવેક વાગે સામાવાળા નં.૧એ સામાવાળા નં.૨ની ચઢવણીથી મને આ બાબતે મારો વાંક કાઢી મારી સાથે ગાળાગાળી કરી મને કહેતા હતા કે,' તું મારી મમ્મી ડાહ્યીબેનને કેમ બોલેલ નહીં.' તેમ કહી મારી ઉપર ઉશ્કેરાઈ જઈ મને ગડદાપાટુનો માર મારેલ અને સામાવાળા નં.૨એ પણ મને ગડદાપાટુનો માર મારેલ અને મને શરીરે મુઢમાર વાગેલ હોઈ જેથી મેં કોઠંબા સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર કરાવેલ અને મારા દીકરા આર્યનને મારા પિતા ચનીલાલનાઓને ફોન કરી આ બાબતે વાત કરેલ હોઈ જેથી મારા પિતા ઇડર થી કોઠંબા ખાતે પ્રાઈવેટ વાહન કરી મારા પિયર ઇડર ખાતે મારા દીકરા આર્યન સાથે કોઠંબા થી

મને પહેરેલ કપડે ઇડર લઈને આવેલાં. જેથી સામાવાળા નં.૧એ મારી ઉપર ખોટો વહેમ રાખી અને સામાવાળા .૧.૨ ની ચઢવણીથી મને સામાવાળા નં.૧એ અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી અને અવારનવાર દહેજની માંગણી કરી અને તા.૦૮–૦૩–૨૦૨૩ નારોજ સામાવાળા નં.૧એ કોઠંબા, તા.લુણાવાડા,જી.મહીસાગર ખાતે રાત્રીના નવ વાગે મને સામાવાળા નં.૧એ તું મારી માતા સાથે કેમ બોલતી નથી તેમ કહી મને સામાવાળાઓએ બંને જણાંઓએ મનફાવે તેમ ગાળો બોલી મને ગડદાપાટુનો મારમારી શરીરે ઈજાઓ કરેલ હોઈ જેથી મેં સામાવાળાઓ વિરુદ્ધ ઇડર પોલીસ સ્ટેશને ઇડર પો.સ્ટે.ગુન્હા રજી નં. ૧૧૨૦૯૦૨૦૨૩૦૪૦૮/૨૦૨૩ ઈ.પી.કો.કલમ–૪૯૮(એ),૩૨૩,૫૦૪,૧૧૪ તેમજ દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩,૭ મુજબની ફરિયાદ તા.૨૬–૦૩–૨૦૨૩ ના રોજ કરેલ જે ફરિયાદ હાલમાં ઇડર નામદાર કોર્ટમાં કિમીનલ કેસ નંબર– ૨૩૫૮/૨૦૨૩ થી ચાલે છે. આ કામના સામાવાળાઓએ મને કાઢી મુક્યા બાદ સામાવાળાઓ મને તેડીને લઈ જાય તે માટે તેઓને સમજાવવાના ઘણાં જ પ્રયત્નો કરેલાં પરંતુ સામાવાળાઓ અમોને તેડવા આવેલ નથી અને હાલમાં પણ સામાવાળા નં.૧ અમોને છૂટાછેડા આપી દેવાની ધમકીઓ આપી રહેલા છે. સામાવાળા નં.૧એ અમારા તેમજ અમારા દીકરાના ભરણપોષણની કોઈ જ દરકાર કરેલ નથી. અમો અરજદારને આજીવિકાનું કોઈ સાધન નથી તેમજ અમો કોઈ ધંધો, હુન્નર જાણતા નથી જેથી અમોએ સામાવાળા નં.૧ પાસેથી ભરણપોષણ મેળવવા નામદાર કોર્ટમાં અલાયદી અરજી કરેલ છે. આ કામના સામાવાળા નં.૧ નોકરી કરે છે અને માસિક રૂ. ૨૫,૦૦૦/–નો પગાર મેળવે છે તેમજ સામાવાળા નં.૧ના પિતા ગુજરી ગયેલ છે અને સામાવાળા નં.ર માસિક આશરે રૂ. ૨૦,૦૦૦/– પેન્શનની રકમ મેળવે છે તેમજ સામાવાળાઓ બે પાકા ધાબાવાળા મકાનો ધરાવે છે તેમજ પ્લોટની જમીન પણ ધરાવે છે અને બીજી અન્ય સ્થાવર તેમજ જંગમ મિલકતો ધરાવે છે આમ સામાવાળાઓ સાધન, સંપન અને સુખી છે અને સામાવાળાઓ જે રીતે જીવન જીવી રહેલા છે તે રીતે જીવન જીવવાનો અમો અરજદારને કાયદેસરનો હક,અધિકાર છે અને તેમ હોઈ સામાવાળાઓ વિરુદ્ધ હાલની આ અરજી અત્રેની કોર્ટમા દાખલ કરેલ છે.

**(૧.૧)** સદર કામે અરજદારે દાદ માંગી જણાવેલ છે કે,આ કામના સામાવાળાઓએ અમો અરજદારને મારઝુડ કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, દહેજની માંગણીઓ કરી, ધમકીઓ આપી ઘરમાંથી કાઢી મુકેલ હોઈ અને અમો અરજદાર હાલમાં ઇડર મુકામે ઉપર બતાવેલ ઠેકાણે રહેત હોઈ સામાવાળાઓ હાલમાં પણ અમોને અવારનવાર ધમકીઓ આપી રહેલા હોૌ? સામાવાળાઓ અમો અરજદાર જ્યાં રહીએ છીએ ત્યાં આવીને કોઈ ગભીર ગુનાહિત કૃત્ય કરે, કરાવે નહિ તે માટે ડી.વી. એક્ટની કલમ–૧૮ મુજબ અમોને રક્ષણ અપાવવા હુકમ ફરમાવવા નમ્ર અરજ છે .(૨) આ કામના સામાવાળાઓએ અમો અરજદારને મારઝુડ કરી શારીરિક તેમજ

માનસિક ત્રાસ આપી,દહેજની માંગણીઓ કરી, ધમકીઓ આપી અમારા સ્ત્રીધનના તમામ દાગીનાઓ વિગેરે પડાવી લઇ ઘરમાંથી કાઢી મુકેલ હોઈ અમો અરજદારના સ્ત્રીધનના તમામ દાગીનાઓ સામાવાળાઓ અમોને પરત સોપી દે તે માટે ડી.વી. એક્ટની કલમ- ૧૯ મુજબ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે તેમજ અમો અરજદારને રહેઠાણ માટેની સગવડ કરી આપે અથવા તો અમો અરજદાર ભાડાના મકાનમાં અલગથી રહી શકીએ તે માટે મકાન ભાડાની માસિક રકમ રૂા. ૫૦૦૦/-સામાવાળાઓ અમોને ચૂકવી આપે તેવો હુકમ ફરમવવા અરજ છે.(૩)આ કામના સામાવાળાઓએ અમો અરજદારને મારઝુડ કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, દહેજની માંગણીઓ કરી, ધમકીઓ આપી ઘરમાંથી કાઢી મુકેલ હોઈ અને તેના કારણે અમો અરજદારને ખુબજ દુઃખ .દર્દ, પીડા તેમજ અસહ્ય ત્રાસ ભોગવવો પડેલ હોઈ તેના વળતર પેટે રૂા. ૩,૦૦,૦૦૦/- સામાવાળાઓ અમો અરજદારને ચૂકવી આપે તે માટે ડી.વી એક્ટની કલમ- ૨૨ મુજબ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.(૪) ડી.વી. એક્ટની કલમ-૨૩ મુજબ અરજી ચાલતા દરમ્યાન વચગાળાનો હકમ ફરમાવવાની આપ નામદાર કોર્ટને વિશાળ સત્તા હોઈ આ અરજી ચાલતા દરમ્યાન આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેઓ વચગાળાનો હુકમ ફરમાવવા નમ્ર અરજ છે .(૫) આ અરજીનું તમામ ખર્ચ સામવાળાઓ પાસેથી અપાવવા અરજ છે.

**(૨)** આ કામના સામાવાળાઓને કાઢવામાં આવેલ નોટીસ ધોરણસર રીતે બજવણી થતા સામાવાળાઓ તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે અને સામાવાળા નં.૧ અને ૨ તરફે આંક-૦૪ થી અરજદારની અરજીનો લેખિત જવાબ રજુ કરી અરજદારની અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકત જણાવે છે કે, '' આ કામના અરજદારને અમો એ કોઈ મારઝુડ કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, દહેજની માંગણીઓ કરી, ધમકીઓ આપી ઘરમાંથી કાઢી મુકેલ નથી અને અરજદાર તેમની જાતે તેમના પિતા ના ઘરે ઇડર મુકામે ઉપર બતાવેલ ઠેકાણે જતાં રહેલ છે,અમો સામાવાળાઓ એ અરજદાર ને અવારનવાર કોઈ ધમકીઓ આપી નથી અમો સામાવાળાઓ એ અરજદાર જ્યાં રહે છે ત્યાં જઈ ને કોઈ ગંભીર ગુનાહિત કૃત્ય કરેલ નથી, કરાવેલ નથી જેથી અરજદારે ડી.વી. એકટની કલમ-૧૮ મુજબ કોઈ દાદ મેળવવા હક્કદાર નથી જેથી પણ અરજદાર ની અરજી રદ કરવી જોઇએ. અમો સામાવાળાઓએ અરજદારને ક્યારે કોઈ મારઝુડ કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપેલ નથી . દહેજની કોઈ માંગણીઓ કરેલ નથી. કે અરજદાર ને કોઈ ધમકીઓ આપી અરજદાર ના સ્ત્રીધનના તમામ દાગીનાઓ વિગેરે પડાવી લઇ ઘરમાંથી કાઢી મુકેલ નથી અમો સામાવાળા ના ઘરે થી અરજદાર તેમની જાતે તેમના પિતા ના ઘરે ચાલ્યા ગયેલા ત્યારે અરજદાર તેમના તમામ દાગીનાઓ લઈ ને ચાલ્યા ગયેલા હતા. અને તેમના સ્ત્રી ધન અમોની પાસે હોય તો પુરાવો આપી સાબિત કરવું જોઇ તેવો કોઈ પુરાવો આકામે રજુ કરેલ નથી જેથી પણ અરજદાર ને

ડી.વી. એક્ટની કલમ– ૧૯ મુજબ દાદા મેળવવા હક્કદાર નથી. અમો સામાવાળા ના ઘર નોટીઆગ કરી અરજદાર જાતે ચાલ્યા ગયેલ હોઇ અને પોતે પ્રાઇવેટ માં યશ મેડિકલ માં નોકરી કરી માસિક ૩૦,૦૦૦/– જેટલી આવક ધરાવે છે તથા તેમના પિતાની માસિક આવક ૩૦૦૦૦/– જેટલી છે તથા તેમના પિતાને અરજદાર સિવાય અન્ય કોઇની જવાબદારી નથી અને અરજદાર પોતે ભાડાના મકાનમાં રહેતા નથી તેમના પિતા ના ત્યાં તેમની મરજી થી રહે છે મકાન ભાડાની દાદ મેળવવા હક્કદાર નથી. અમો સામાવાળાઓએ અરજદારને કોઈ પણ પ્રકાર ની મારઝુડ કરેલ નથી કે કોઈપણ શારીરિક તેમજ માનસિક ત્રાસ આપેલ નથી કે અમો એ કોઈપણ દહેજની માંગણીઓ કરેલ નથી કે કોઈપણ પ્રકારની ધમકીઓ આપેલ નથી કે ઘરમાંથી કાઢી મુકેલ નથી અને અમો ના કારણે અરજદારને કોઈ પણ પ્રકારનું દુઃખ દર્દ, પીડા, કે ત્રાસ અમો એ આપેલ નથી જેથી પણ અરજદાર વળતર પેટે રૂા. ૩,00,000/– ડી.વી એક્ટની કલમ– ૨૨ મુજબ ની દાદ મેળવવા હક્કદાર નથી આમ ઉપરોક્ત જવાબ માં જણાવેલ વિગતો મારા જાણવા તથા માનવ મુજબ સાચી અને ખરી જે થી અરજદાર ની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરી જવાબ રજુ કરેલ છે.

(૩) આ કામે અરજદાર પક્ષ તર્ફે તેમણે કરેલ નિવેદનોની હકીકત સાબિત કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(અ) **મૌખીક પુરાવાઓઃ–**

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર ચંદ્રાવતીબેન ચુનીલાલ બારોટની સોંગદ પર જુબાની. | ૦૮ |

(બ) **દસ્તાવેજી પુરાવાઓઃ–**

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ક્લોઝીંગ પુરસીસ. | ૧૦ |

(૩.૧) આ કામે સામાવાળાઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

(અ) **મૌખીક પુરાવાઓઃ–**

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | સામાવાળા કમલેશભાઇ ડાહ્યાભાઇ બારોટની સોંગદ પર જુબાની | ૧૨ |

(બ) **દસ્તાવેજી પુરાવાઓઃ-**

| **ક્રમ** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | ક્લોઝીંગ પુરસીસ. | ૧૮ |

(૪) આ સિવાય અન્ય કોઇ પુરાવો રજુ કરેલ નથી. આ કામે અરજદારના વિ.વકીલશ્રીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળાના વિ.વ.શ્રી દ્વારા આંક-૨૨ થી લેખિત અરજ કરી જણાવેલ છે કે, આ કામના અરજદારનાઓ અવાર નવાર તેમના પિયર જવાની માંગણી કરતાં અને તેઓને દર અઠવાડીયે પિયર જોવા લઈ જાવ તથા તેઓને મોંઘી હોટલમાં ખાવા લઈ જવાના અરજદાર તેઓને જણાવતાં અને જો તેઓ ના લઈ જવાની પાડીએ તો તેઓનુ ટીફીન બનાવી આપતા નહી કે ઘરનું કોઈ કામકાજ કરતાં નહી અને અવારને તેઓને પોલીસમાં પકડાવી દેવાની ધમકીઓ આપતા હતા અને વારે તહેવારો તેમના પિયર જતા રહેતા હતા. સામાવાળાઓએ અરજદારને ક્યારે કોઈ મારઝુડ કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપેલ નથી. દહેજની કોઈ માંગણીઓ કરેલ નથી કે અરજદાર ને કોઈ ધમકીઓ આપી અરજદાર ના સ્ત્રીધનના તમામ દાગીનાઓ વિગેરે પડાવી લઇ ઘરમાંથી કાઢી મુકેલ નથી અમો સામાવાળા ના ઘરે થી અરજદાર તેમની જાતે તેમના પિતા ના ઘરે ચાલ્યા ગયેલા ત્યારે અરજદાર તેમના તમામ દાગીનાઓ લઈ ને ચાલ્યા ગયેલા હતા. અને તેમના સ્ત્રી ધન અમોની પાસે હોય તો પુરાવો આપી સાબિત કરવું જોઇ તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી અને સામાવાળાને માનસિક રીતે ખુબજ ત્રાસ કરી અમારી જીંદગી તદ્દન ખરાબ કરી નાખેલ છે. તેવા સંજોગોમાં પણ અરજદારની અરજી રદ કરવા રજૂઆત કરેલ છે.

(૫) આ કામે રજુ થયેલા તમામ પુરાવા આધારે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

**// મુદ્દાઓ //**

૧. શું અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે, તેણી સામાવાળાના કાર્ય, કૃત્ય, વર્તન, વ્યવહારથી કૌટુંબીક હીંસાખોરીનો ભોગ બનેલ છે ?

૨. શું અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે, તેણી આ કામનાસામાવાળાથી કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓના રક્ષણના અધિનિયમ - ૨૦૦૫ ની કલમ-૧૮, ૧૯, ૨૨, ૨૩ વિગેરે હેઠળ ફરિયાદ તથા રક્ષણ આપવા હુકમો મેળવવા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

૩. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે

૧. અંશતઃ હકારમાં.

૨. અંશતઃ હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે:

**// કારણો //**

**મુદ્દા નં.૧ અને ૨ :**

**(૭.૧)..** આ કામે અરજદારે ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ, ૨૦૦૫ ની કલમ–૧૮,૧૯, ૨૨ ,૨૩ મુજબની અરજી આપેલ છે. જેમાં જુદી જુદી કલમો મુજબની દાદ સામાવાળા સામે માંગેલ છે. સદરહું કાયદાની કલમ–૨(એફ) માં કૌટુંબિકસબંધની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ, બે વ્યકિતઓ વચ્ચેનો સંબંધ કે જેઓ શેર્ડ હાઉસ હોલ્ડમાં રહેતી હોય અથવા લગ્ન સ્વરૂપના સબંધ અથવા સંયુકત કુંટુબના સભ્ય તરીકે સાથે રહેતી હોય તેવી વ્યકિતઓ વચ્ચે કૌટુંબિક સંબંધ છે તેમ કહેવાશે. જયારે સદરહું કાયદાની કલમ–૩ માં કૌટુંબિક હિંસાની વ્યાખ્યા આપવામાં આવેલ છે. જે મુજબ અરજદાર સાથે તેની જીંદગી જોખમાય તે રીતે તેને શારીરિક કે માનસિક ત્રાસ આપવામાં આવે કે દહેજ કે અન્ય કીંમતી જામીનગીરી આપી દેવા દબાણ કરવામાં આવે, ધમકી આપવામાં આવે, તે સંજોગોમાં આ કલમની જોગવાઈ મુજબ ભોગ બનનાર સાથે કૌટુંબિક હિંસા આચરવામાં આવેલ હોવાનું માની લેવામાં આવશે. જો કૌટુંબિક હિંસા અરજદાર યાને ભોગબનનાર સાથે આચરવામાં આવેલ હોય તે સંજોગોમાં જ ભોગબનનાર અરજી કરી કાયદામાં જણાવેલ જુદા જુદા હુકમો હેઠળ દાદ મેળવવા હકકદાર બનશે.

(૮).. આ કામે અરજદારની અરજી તથા તેઓની સોગંદ ઉપરની જુબાનીની હકીકતો વંચાણ લેતાં એ હકીકત નિર્વિવાદ છે કે, આ કામના સામાવાળા અરજદારના પતિ થાય છે. વધુમાં સામાવાળા તરફે પક્ષકારોના સંબંધો અંગે કોઈ તકરાર લીધેલ નથી. જેથી અરજદાર તથા સામાવાળા વચ્ચે લગ્નેતર સંબંધ છે. વધુમાં અરજદાર લગ્ન બાદ સામાવાળા સાથે સંયુકત એક છત નીચે સાથે રહેતા હોવાની હકીકતો સામાવાળાનાએ પડકારેલ નથી. જેથી પક્ષકારો વચ્ચે ઘરેલું હિંસા અધિનિયમની કલમ–૨ (એફ) માં જણાવ્યા મુજબ કૌટુંબિક સંબંધ હોવાની હકીકત ફલિત થાય છે.

(૯).. ઘરેલું હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ના પ્રબંધો વંચાણે લેતાં સર્વપ્રથમ આ કાયદાના હેતુઓ માટે પ્રથમ આવશ્યકતા એ છે કે, વ્યથિત મહિલા સામાવાળા સાથે કૌટુંબિક સબંધ થી રહેતી હોવી જોઈએ. બીજી આવશ્યકતા એ છે કે, સામાવાળાએ વ્યથિત વ્યકિતને કૌટુંબિક હિંસાનો ભોગ બનાવેલ હોય, કૌટુંબિક સંબંધ કોને કહેવાય અને કોઈ સંબંધ કયો કૌટુંબિક સંબંધ કહેવાય તેની વ્યાખ્યા ખંડ(જ)માં આપવામાં આવેલ છે. આ વ્યાખ્યા અહીં શબ્દશ: ટાંકવી જરૂરી હોઈ નીચે મુજબ ટાંકવામાં આવે છે.

<u>**કલમ–૨(છ)(એફ)**</u> **:**

''કૌટુંબિક સંબંધ'' એટલે મજિયારા કુટુંબમાં કોઈ સમયે સાથે રહેલી કે સાથે રહેતી બે વ્યકિત વચ્ચેનો સંબંધ જે ગોત્ર, લગ્ન અથવા લગ્ન પ્રકારના સંબંધથી, દત્તક વિધાન અથવા સંયુકત કુટુંબમાં સાથે રહેતા કુટુંબના સભ્યો તરીકેનો સંબંધ ધરાવતી હોય.'' આમ,ઉપરોકત ટાંકેલ પ્રબંધો મુજબ આ કાયદા હેઠળના હેતુઓ માટે વ્યથિત વ્યકિત કૌટુંબિક સંબંધમાં સાથે રહેતી હોય અથવા ભૂતકાળમાં સાથે રહી ચુકી હોય તો જ આ અધિનિયમ હેઠળ અરજી કરવા માટે હકકદાર છે.

(૧૦).. પ્રસ્તૃત કામે આ કાયદાની જોગવાઈ વંચાણે લેતાં અરજદાર સામાવાળા સાથે કૌટુંબિક સંબંધ ધરાવે છે. સામાવાળાએ અરજદારને કૌટુંબિક હિંસાનો ભોગ બનાવી છે અને તે વ્યાખ્યા મુજબ અરજદાર વ્યથિત વ્યકિત છે કે કેમ તે જોવાનું છે ત્યારે આ કામે અરજદારે આંક– ૮ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, મારા લગ્ન સને–૨૦૦૯ ની સાલમાં આ કામના સામાવાળા નં.૧ સાથે સમાજના રીતરીવાજ મુજબ તેમજ હિંદુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ થયેલ અને ત્યારથી સામાવાળા નં.૧ મારા કાયદેસરના પતિ થાય છે તેમજ સામાવાળા નં. ૨ મારા સાસુ થાય છે અને સામાવાળા નં.૧ સાથેના લગ્નજીવનથી મારે સંતાનમાં એક દીકરો નામે આર્યનનો જન્મ થયેલ અને તે અમદાવાદ ખાતે અભ્યાસ કરે છે.લગ્નબાદ અમો આ કામના સામાવાળાઓ સાથે સંયુક્ત કુટુંબમાં અમારી સાસરીમાં રહી લગ્નજીવનની ફરજો અદા કરતાં આવેલા. લગ્ન બાદ શરૂઆતના સામાવાળાઓએ મને સારી રીતે રાખેલ પરંતુ .ત્યારબાદ સામાવાળા નં.૧ નાએ છેલ્લા ત્રણેક વર્ષથી મારા ઉપર વહેમ રાખવાનું શરૂ કરેલ અને મારી સાથે અવારનવાર નાની નાની બાબતોમાં ઝગડો કરતાં અને આ બાબતે સામાવાળા નં.૨ સામાવાળા નં.૧ને ચઢવણી કરતાં જેથી સામાવાળા નં.૧ કોઈપણ જાતના વ્યાજબી કારણ વિના નાની નાની બાબતોમાં મારો વાંક ગુનો કાઢી મને અવારનવાર મારઝુડ કરી માનસિક તેમજ શારીરિક ત્રાસ આપવા લાગેલાં,તેમ છતાં અમારું ઘરસસાર બગડે નહીં તેવાં શુભઆશયથી અમો તેઓનો ત્રાસ મુંગામોઢે સહન કરતાં આવેલાં પરંતુ તેઓના વર્તનમાં કોઈ સુધારો થયેલો નહીં અને સામાવાળા નં.૧એ અમદાવાદ ખાતે ન્યુ નરોડા

દિવ્યજીવન સીટી ફ્લેટ નંબર–જે.૫૦૭ નંબરનો ખરીદેલ જે ફ્લેટમાં સામાવાળા નં.રના કહેવાથી સામાવાળા નં.૧ એ મને મારા પિતાજી પાસેથી રૂા. ૨,૦૦,૦૦૦/– લઈ આવવા જણાવેલ અને આ પૈસા લાવવા માટે મને સામાવાળાઓ અવારનવાર મહેણાંટોણાં મારતા હોઈ જેથી મેં મારું લગ્નજીવન બગડે નહીં તે સારું મારા પિતાજી પાસેથી રૂા. ૨,00,000/– રોકડા લાવી સામાવાળા નં.૧ને આપેલાં તેમજ સામાવાળા નં.૧એ મારા શ્રીમંત વખતે આવેલ દરદાગીના તે પણ ગીરવે મુકી પૈસા લઈ ફ્લેટમાં વાપરી નાંખેલ તેમ છતાં સામાવાળાઓએ મને કોઈને કોઈ બહાને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવાનું ચાલુ રાખેલ. ત્યારબાદ હોળી ધુળેટીનો તહેવાર હોઈ જેથી હું તથા સામાવાળાઓ તેમજ મારા બાળક સાથે તા.૦૬–૦૩–૨૦૨૩ ના રોજ અમદાવાદ થી કોઠંબા ખાતે અમારા વતનમાં આવેલાં આ પહેલાં અમારે સામાવાળા નં.૨ સાથે ઝગડો થયેલ હોઈ જેથી મેં તેમની સાથે વાત કરેલ નહીં જેથી તા.૦૮–૦૩–૨૦૨૩ ના રાતના નવેક વાગે સામાવાળા નં.૧એ સામાવાળા નં.૨ની ચઢવણીથી મને આ બાબતે મારો વાંક કાઢી મારી સાથે ગાળાગાળી કરી મને કહેતા હતા કે, તું મારી મમ્મી ડાહ્યીબેનને કેમ બોલેલ નહીં. તેમ કહી મારી ઉપર ઉશ્કેરાઈ જઈ મને ગડદાપાટુનો માર મારેલ અને સામાવાળા નં.રએ પણ મને ગડદાપાટુનો માર મારેલ અને મને રારીરે મુઢમાર વાગેલ હોઈ જેથી મેં કોઠંબા સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર કરાવેલ અને મારા દીકરા આર્યનને મારા પિતા ચુનીલાલનાઓને ફોન કરી આ બાબતે વાત કરેલ હોઈ જેથી મારા પિતા ઇડર થી કોઠંબા ખાતે પ્રાઈવેટ વાહન કરી મારા પિયર ઇડર ખાતે મારા દીકરા આર્થન સાથે કોઠંબા થી મને પહેરેલ કપડે ઇડર લઈને આવેલાં. જેથી સામાવાળા નં.૧એ મારી ઉપર ખોટો વહેમ રાખી અને સામાવાળા નં.૨ ની ચઢવણીથી મને સામાવાળા નં.૧એ અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી અને અવારનવાર દહેજની માંગણી કરી અને તા.૦૮–૦૩–૨૦૨૩ ના રોજ સામાવાળા નં.૧એ કોઠંબા, તા.લુણાવાડા,જી.મહીસાગર ખાતે રાત્રીના નવ વાગે મને સામાવાળા નં.૧એ તું મારી માતા સાથે કેમ બોલતી નથી તેમ કહી મને સામાવાળાઓએ બંને જણાંઓએ મનફાવે તેમ ગાળો બોલી મને ગડદાપાટુનો મારમારી શરીરે ઈજાઓ કરેલ હોઈ જેથી મેં સામાવાળાઓ વિરુદ્ધ ઇડર પોલીસ સ્ટેશને ઇડર પો.સ્ટે.ગુન્હા રજી નં. ૧૧૨૦૯૦૨૦૨૩૦૪૦૮/૨૦૨૩ ઈ.પી.કો.કલમ–૪૯૮(એ),૩ ૨૩,૫૦૪,૧૧૪ તેમજ દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩,૭ મુજબની ફરિયાદ તા.૨૬–૦૩–૨૦૨૩ ના રોજ કરેલ જે ફરિયાદ હાલમાં ઇડર નામદાર કોર્ટમાં ક્રિમીનલ કેસ નંબર– ૨૩૫૮/૨૦૨૩ થી ચાલે છે. આ કામના સામાવાળાઓએ મને કાઢી મુક્યા બાદ સામાવાળાઓ મને તેડીને લઈ જાય તે માટે તેઓને સમજાવવાના ઘણાં જ પ્રયત્નો કરેલાં પરંતુ સામાવાળાઓ અમોને તેડવા આવેલ નથી અને હાલમાં પણ સામાવાળા નં.૧ અમોને છૂટાછેડા આપી દેવાની ધમકીઓ આપી રહેલા છે. સામાવાળા નં.૧એ અમારા તેમજ અમારા દીકરાના ભરણપોષણની કોઈ જ દરકાર કરેલ નથી. અમો અરજદારને આજીવિકાનું કોઈ સાધન નથી તેમજ અમો કોઈ ધંધો, હુન્નર જાણતા નથી જેથી અમોએ સામાવાળા નં.૧ પાસેથી ભરણપોષણ મેળવવા નામદાર કોર્ટમાં અલાયદી અરજી કરેલ છે. આ કામના સામાવાળા નં.૧ નોકરી કરે છે અને માસિક રૂા. ૨૫,૦૦૦/–નો પગાર મેળવે છે તેમજ સામાવાળા નં.૧ના પિતા ગુજરી

ગયેલ છે અને સામાવાળા નં.૨ માસિક આશરે રૂા. ૨૦,૦૦૦/- પેન્શનની રકમ મેળવે છે તેમજ સામાવાળાઓ બે પાકા ધાબાવાળા મકાનો ધરાવે છે તેમજ પ્લોટની જમીન પણ ધરાવે છે અને બીજી અન્ય સ્થાવર તેમજ જંગમ મિલકતો ધરાવે છે આમ સામાવાળાઓ સાધન, સંપન અને સુખી છે અને સામાવાળાઓ જે રીતે જીવન જીવી રહેલા છે તે રીતે જીવન જીવવાનો અમો અરજદારને કાયદેસરનો હક,અધિકાર છે અને તેમ હોઈ સામાવાળાઓ વિરુદ્ધ અમોએ ડોમેસ્ટીક વાયોલેન્સ એક્ટની જોગવાઈઓ હેઠળની આપ નામદાર કોર્ટમાં આંક-૧ થી અરજી દાખલ કરેલ છે આમ, સામાવાળાએ કોઈપણ જાતના વ્યાજબી કારણો વિના અરજદારોનો ત્યાગ કરેલ છે. જેથી અરજદારોના ભરણપોષણ માટે સદર અરજ દાખલ કરેલી તેમજ અરજદારોએ આ કામના સામાવાળાઓ વિરુધ્ધ સદર ફરીયાદ દાખલ કરેલ છે. આ તમામ હકીકતો જોતાં ઘરેલુ હિંસા થયેલ છે તેમ નકારી શકાય નહી.

**(૧૦.૧)..** પ્રસ્તૃત કામે આ કાયદાની જોગવાઈ વંચાણે લેતાં અરજદાર સામાવાળા સાથે કૌટુંબિક સંબંધ ધરાવે છે. સામાવાળાએ અરજદારને કૌટુંબિક હિંસાનો ભોગ બનાવી છે અને તે વ્યાખ્યા મુજબ અરજદાર વ્યથિત વ્યકિત છે કે કેમ તે જોવાનું છે. ત્યારે આ કામે અરજદારે આંક- ૦૮ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે જે આંક-૧ લગતની હોય તેની અત્રે પુનરાવર્તન કરવા સારુ ચર્ચા કરેલ નથી.

ત્યારબાદ અરજદારની સામાવાળાના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મારે કમલેશભાઈ જોડે બીજી વારના લગ્ન છે. એ વાત ખરી છે કે મેં અગાઉના છુટાછેડા થયેલ છે તેનો ખુલાસો આ અરજીમાં કરેલ નથી. હુ ધોરણ -૧૦ ફેઈલ છુ. એ વાત ખરી છે કે મારા પતિ લગ્ન અગાઉ સિકયોરીટીમાં નોકરી કરતા હતા. એ વાત ખરી નથી કે લગ્ન અગાઉ હુ પણ નોકરી કરતી હતી. એ વાત ખરી છે કે વહેમ અને શકા બાબતે મેં કોઈ ચોક્કસ સમયગાળો આ કામે જણાવેલ નથી. મારી સાસરીમાં મારા સિવાય સાસુ, હસબન્ડ, મારો બાબો અને હું હતા. મારા સાસુની ઉમર આસરે ૬૦-૭૦ વર્ષની હસે. એ વાત ખરી છે કે, મારા સાસુ કેવા પ્રકાશની ચઠવણી કરતા હતા તે શબ્દ સહિત મેં આ કામે જણાવેલ નથી. મે મારજુડ બાબતે સારવાર કરાવેલ છે. જે પ્રયાવેટમાં કરાવેલી. એ વાત ખરી છે કે મારા પતિએ ફ્લેટ લેવા માટે લોન લીધેલી. સાહેદ જણાવે છે કે પહેલા બે લાખ રૂપિયા ભરેલા પછી લોન પાસ થયેલી. એ વાત ખરી નથી કે સામાવાળાએ બે લાખ રૂપિયા માંગેલા નહી અને તે વાત હુ ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે મારી સરતપાસના પેરા નં. ૩ માં સામાવાળા નં.૨ બે સાથે જગડો થયેલ તેવુ જણાવેલ છે તે કયા કારણે થયેલ તે આ કામે જણાવેલ નથી. કોઠબા મુકામે ૪ દિવસ રોકાયેલ. એ વાત ખરી નથી કે તા.૦૮/૦૩/૨૦૨૩ ના રોજ મને માર મારેલો તેવું છે જણાવેલ છે તે બાબતે મેં કોઠંબા પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદ કરેલ નથી.કોઠંબા થી ઈડર આસરે દોઢસો બસ્સો કિ.મી. દુર હસે. હુ ઈડર પ્રાયવેટ વહાનમાં આવેલી. એ વાત ખરી છે કે પ્રાયવેટ વહાનનો નંબર કે

ડ્રાઈવરનું નામ મેં આ અરજીમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મેં કોઈ એક્સ–રે કરાવેલ નથી. એ વાત ખરી છે કે મને કોઈ ઘા થયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે હુ પીયરમાં હતી ત્યારે પ્રાયવેટ નોકરી કરતી હતી અને મારે મારા પિતા સાથે રહેવુ હોય તેથી ખોટી હકિકતો જણાવુ છુ. ફરીયાદ કરયા પછી હું મારો સામાન પાછો લેવા માટે અમદાવાદ ગયેલી. એ વાત ખરી નથી કે હું જાતે જ સ્વેચછાએ મારી સાસરી છોડી ઈડર આવી ગયેલ છુ. એ વાત ખરી છે કે મેં મારી ૪૯૮ ના કામની જુબાનીમાં ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે," એવાત ખરી છેકે હુ જાતે ઘર છોડી ને ઈડર આવેલી. ' એ વાત ખરી છે કે મારી બેનના કોર્ટમાં તેમના પતિ વિરુધ્ધ કેસો ચાલુ છે. એ વાત ખરી છે કે મેં મારા અગાઉના પતિ વિરુધ્ધ કેસો કરેલા. એ વાત ખરી નથી કે સામાવાળાએ મને લઈ જવા માટે ઘણા ફોનો કરેલા છે પંરંતુ હુ જવા જ માગતી ન હોવ તેથી કોઈ રીસપોન્સ આપતી નથી. એ વાત ખરી નથી કે હુ યસ મેડીકલમાં નોકરી કરતી હતી. સાહેદ જણાવે છે કે હુ સીખવા ગયેલી. એ વાત ખરી નથી કે મારે પીયરમાં રહીને નોકરી કરવી હોય અને મારી સાસુની સેવા કરવી ન હોય તેથી ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે હુ ખોટી જુબાની આપુ છુ.

**(૧૦.૨).** સદર કામે આંક–૧૨ થી સામાવાળા કમલેશભાઈ ડાહયાભાઈ બારોટનાઓએ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેમણે જણાવેલ છે કે, અમો સામાવાળા તથા અરજદારના લગ્ન સને–૨૦૦૯ ની સાલમાં સમાજના રીતરીવાજ મુજબ તેમજ કુલહાર વિધિ મુજબ થયેલ. આ અગાઉ અરજદારના પ્રથમ લગ્ન પાટણ જિલ્લાના અધાર મુકામે થયેલા ત્યાં પણ તેઓએ ખોટા કેસો કરેલા અને તેઓ તેમના અગાઉના પતિ જોડેથી કાયદેસરના કોર્ટ મારફતે કોઈ છૂટાછેડા મેળવેલ ન હોવા છતાં આમોને અંધારામાં રાખી કૂલહાર વિધિ કરી અમારી સાથે લગ્ન કરેલા ત્યારથી અમો પતિ–પત્ની છીએ તેમજ અમો સામાવાળા સાથેના લગ્નજીવનથી એક દીકરો નામે આર્યનનો જન્મ થયેલ અને તે અમદાવાદ ખાતે અભ્યાસ કરતો હતો. લગ્નબાદ શરૂઆત માં અરજદાર અમો સામાવાળાઓ સાથે સંયુક્ત કુટુંબમાં રહી લગ્નજીવનની ફરજો અદા કરતા આવેલા. જયારે અમો તેઓને લાવવા સારું કગરતા અને અમારા માતા બીમાર રહેતા હોવાથી અમો તેઓને આજીજી કરીને તેડી લાવતા હતા. આ કામના અરજદાર એ તેમના અગાઉના પતિના ઉપર પણ ૪૯૮ ની ફરિયાદ તથા ડોમેસ્ટિક વાયલેન્સ ની ફરિયાદ તથા ૧૨૫ ની ફરિયાદો કરેલી અને તેઓના અગાઉ ના પતિ પાસેથી પણ ભરણપોષણ મેળવી તથા રકમ પડાવી અમો સાથે કૂલહાર વિધિ કરેલી આમ અરજદાર પોતે ખોટા કેસો કરવાના તથા છેતરપિંડી થી હેરાન કરવા વાળા અને ટેવાયેલી વ્યક્તિ છે. તથા તેમના પિતાની વાતોમાં આવી અરજદારની બહેને પણ તેમના પતિ વિરુદ્ધ નામદાર કોર્ટમાં ડોમેસ્ટિક વાયલેન્સ તથા ૧૨૫ તથા ૪૯૮ ના કેસો કરેલા છે જેથી એમ કહી શકાય કે આ કામના અરજદાર તથા તેમના પિતા અને પરિવાર વાળા આવા કેસો કરવામાં માહેર અને ટેવ ધરાવે છે. જેથી પણ અરજદારની આ અરજી રદ થવાને પાત્ર છે. અમો સામાવાળાઓ અરજદાર ને સારી રીતે રાખેલ અને રખતા હતા. અને અમોએ ક્યારેય અરજદાર ઉપર વહેમ રાખવાનું શરૂ કરેલ નહીં અને

અરજદાર સાથે અવારનવાર નાની નાની બાબતોમાં ઝગડો કરતા ન હતા. અમો સામાવાળાએ અરજદાર લગ્ન બાદ નોકરી ના કરવાનું જાણવતા તેઓ અમારી સાથે નોકરી કરવા બાબતે અવાર નવાર ઝગડો કરતાં અને સાંજે જમવાના ટાઇમ થાય એટલે બહાર જતા રહેતા અને મોડા મોડા ઘરે આવતા અને ઘરનુ રસોઈ અમો તથા અમારા માતા જાતે બનાવતા હતા અને અમો અરજદારને સમયસર આવવાનું જણાવતા એટલે ઉલ્ટાનું અમોને તથા અમારા માતાની સાથે અભદ્ર વર્તન કરી ગાળા ગાળી કરી અમો ઉપર હાથ ઉપાડી દીધેલ પરંતુ અમારા પુત્રના કારણે અમો અરજદાર નું આવું વર્તન સહન કરે જતાં હતા. અમો સામાવાળાને અમારા માતાએ કોઈ ચઢવણી કરેલ નહતી કે અમોએ અરજદાર ઉપર કોઈ વહેમ કરેલ નથી કે ક્યારે અરજદારને મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ આપેલ નથી. અરજદારે સ્ત્રી કાયદાનો દુરઉપયોગ કરવા અને નામદાર કોર્ટની સહાનુભુતી મેળવવા અમો ઉપર ખોટા આક્ષેપો લગાવેલ છે જે અરજદારે પુરાવો આપી સાબિત કરવું જોઇએ. અમો સામાવાળાના માતૃશ્રીએ અમદાવાદ ખાતે ન્યુ નરોડા દિવ્યજીવન સીટી ફ્લેટ નંબર–જે.૫૦૭ નંબરનો ખરીદેલ જે ફ્લેટમાં અમો સામાવાળા ના માતૃશ્રી ના કહેવાથી અમોએ ક્યારે અરજદાર ને તેમના પિતાજી પાસેથી રૂા. ૨,૦૦,૦૦૦/– લઈ આવવા જણાવેલ નથી અને આ પૈસા લાવવા માટે અરજદારને અમો સામાવાળાઓએ ક્યારે કોઈ મહેણાંટોણાં મારેલા નથી કે અરજદારને તેમના પિતાજી પાસેથી રૂા. ૨,૦૦,૦૦૦/– લાવવા સારું કોઈ દબાણ ઊભું કરેલ નથી ક્યારે કોઈ રકમ અરજદારે કે તેમના પિતા કોઈ રકમ અમો સામાવાળાને મકાન લેવા સારું આપેલ નથી. અમો સામાવાળાએ ક્યારે અરજદારના શ્રીમંત વખતે આવેલ દરદાગીના ગીરવે મુકેલાં નથી અને તેવા કોઈ પૈસા લઈ ફ્લેટમાં વાપરી નાંખેલ નથી કે અમો સામાવાળાઓએ અરજદારને કોઈને કોઈ બહાને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપેલ નથી.અમો સામાવાળાના માતાના એ કરેલ બચત માથી અમારા માતાના નામે મકાન માટે લોન લઈને લીધેલું જેના હપ્તા અમોના માતા તથા અમો ભરીએ છીએ. જેથી અરજદારે તેમની અરજીના પેરાનું ૨ માં જણાવેલ ખોટી વિગતો નામદાર કોર્ટ સમક્ષ પુરાવા આપી સાબિત કરવી જોઇ. અમો સામાવાળા,અમારી માતા,અરજદાર તથા પુત્ર સાથે હોળી ધુળેટીનો તહેવાર હોવાથી અમો બધા તા. ૦૬–૦૩–૨૦૨૩ ના રોજ અમદાવાદથી કોઠંબા ખાતે અમારા વતનમાં જવાનું હોવાથી અમોએ અરજદારને આગલા દિવસે ઘરે જલ્દી આવવાનું જણાવતા અરજદાર અમો ઉપર ઉશ્કેરાઈ ગયેલ અને વળી પાછા આમોને અરજદારે અપમાનિત કરેલા હતા અમો સામાવાળાએ અરજદાર સાથે કોઇ ઝગડો કરેલો નહતો છતાં અરજદારે અમોની સાથે વાત ચિત કરતા ન હતા. અમો સામાવાળાએ અમારી માતાની ચઢવણીથી આ બાબતે અરજદારનો વાંક કાઢી અરજદાર સાથે ગાળાગાળી કરી કહેલ કે ' તું મારી મમ્મી ડાહ્યીબેનને કેમ બોલેલ નહીં. તેમ કહી અરજદાર ઉપર ઉશ્કેરાઈ જઈ અજરદારને ગડદાપાટુનો માર મારેલ અને અમો સામાવાળા નં.૨ એ પણ મને ગડદાપાટુનો માર મારેલ અને અરજદારને શરીરે મુઢમાર વાગેલ હોઈ જેથી અજરદારએ કોઠંબા સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર કરાવેલ અને મારા દીકરા આર્યનએ અરજદારના પિતા ચુનીલાલનાઓને ફોન કરી આ બાબતે વાત કરેલ હોઈ જેથી અરજદારના પિતા ઇડર થી કોઠંબા ખાતે પ્રાઈવેટ વાહન કરી અરજદારના પિયર ઇડર ખાતે મારા દીકરા આર્યન સાથે કોઠંબા થી

અરજદારને પહેરેલ કપડે ઇડર લઈને આવેલાં. ખરી હકિકતે અમો સામાવાળાના સાથે આગળના દિવસે અરજદારે કરેલ વર્તનથી અમો દુ:ખી હોવાથી અમો ઉદાસ બેઠેલા ત્યારે અરજદાર અમોના માતાને એવું જણાવતા હતા કે ડોસલી તારો છોકરો માવડિયો છે અને બાયલો છે વાતે વાતે તારા ખોળામાં બેસી બાયડીની જેમ રોવે છે. એ રીતે બોલીઓ કરતાં હતા અને અમો બધા હોળી માતાના દર્શન કરવા જતાં અરજદારએ અમોને ધકો મારેલ અને અમોના માતાને એવું જણાવેલ કે ડોસલી તુ ક્યારે સળગે. અમોએ ક્યારે અરજદારને ગાળાગાળી ૦૮/૦૩/૨૦૨૩ ના રોજ કરેલ નથી કે અમો એ તેઓને અમોની માતા જોડે કેમ બોલતી નથી કે કોઈ પણ રીતે ઉશ્કેરાઈ જઈ અરજદારને કોઈ ગડદા પાટુનો માર મારેલ નથી . એ વાત પણ ખરી નથી કે અમોએ માર મારેલ હોઈ અને અરજદારને સારવાર કરાવી હોઇ અને તેઓ કોઠંબાથી ઇડર જતાં રહેલા હોઇ અને અમોએ પહેરલ કપડે કાઢી મુકેલ હોઇ. તે બાબતે અમો ઇનકાર કરીએ છીએ અને જણાવીએ છીએ કે અરજદાર પોતેજ અમારું ઘર છોડી પોતાની મરજી થી જમવા બાબતે તથા અમારી માંતા સાથે ન રહેવાના કારણોસર અમોનું ઘર છોડી ચાલ્યા ગયેલા છે. તથા તમામ આક્ષેપો અંગે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી કે અમો એ કોઈ માર મરેલ નથી.અમો સામાવાળા ને અરજદાર મન ફાવે તેમ અપશબ્દો બોલતા હતા એટલે અમો ના માતા એ અમારા લગ્ન કરાવનાર વચગળિયા તથા તેમના પિતા ને ફોન કરી અરજદાર ના રુષ્ટ વ્યવહાર અંગેની જાણ કરતાં અરજદાર તેમના પિતાને ઘરે જાવ છું કહીને તેમના કપડાના થેલા ભરીને સાંજના જ નીકળી ગયેલા અને અમો સામાવાળા એ કોઈ મારઝુડ કરેલ ન હોવા છતાં ખોટી રીતેની ફરિયાદ ઇડર પોલીસ સ્ટેશનમાં વાર્તા બનાવીને ખોટી વિગતો આધારે પોલીસની સંડોવણી માં આવી અરજદાર ના પિતા કોર્ટ કચેરી ની ટેવ વાળા હોય ખોટી ફરિયાદ કરેલ. અરજદારે તેમના અગાઉ ના પતિ પાસે પણ કેસો કરી મોટી રકમ ભરણપોષણ ના નામે મેળવેલ છે. તથા આ કામના અરજદાર ખુબજ તૈયાર વ્યક્તિ હોઇ ખોટી રીતે સહાનુભૂતિ મેળવવા હાલની અરજી કરેલ છે. જેથી અરજદારની હાલની અરજી ના મંજુર કરવી જોઇએ. આ કામના અરજદાર ને અમો કાઢી મૂકેલા નથી કે કોઈ પણ પ્રકારનો અમો એ શારીરિક અને માનસિક ત્રાસ આપેલ નથી પોતે જાતે તેમની મરજીથી અમારા વતન કોઠબાથી એકલા તેમની મરજીથી જતા રહેલ છે ત્યારબાદ અમો દીકરા સાથે અરજદારને તેડવા જતાં અરજદારે અને તેમના પિતા અને તેમના ઘરના લોકો એ આમોને અપમાનિત કરીને દીકરો તેમની પાસે રાખી લીધેલ અને આમોને ધકા મારીને કાઢી મૂકેલા ત્યારબાદ અમો સગુ કરાવનારએ વચગળિયાને અમોએ જાણ કરેલ તથા અમારી વસ્તી પંચ તથા અરજદારના વસ્તી પંચને પણ અરજદારના પિતા અરજદારને મોકલી આપે તે સારુ જણાવેલ હતુ પરંતુ અરજદારના પિતા એ અરજદારને મોકલવાની નાપાડી દીધેલ હતી અને અરજદાર અમો સાથે રહેવા સારું આવવાનુના પડે છે અને અમારા માતાને છોડીને અમો ઇડર રહેવા સારું જઈ તો જ સાથે રહેવાની જીદ કરી હતી અને અમો અમારા માતા ના એક ના એક દીકરા હોઇ અને ઘરડા માતા ની સારસંભાળ કરવી મારી નૈતિક જવાબદારી છે અને જો અમો અરજદાર જોડે ઇડર રહેવા ના જઈ તો છૂટુ આપી દેવાની ધમકી આપેલ છે. અને અરજદાર આવવા માંગતા નથી. ખરી હકિકતે અમો સામાવાળાઓ સિક્યુરિટીમાં પ્રાઇવેટમાં નોકરી કરી મહિને રૂપિયા

૮,૦૦૦/– કમાતા હતા.પરંતુ અમારા માતાની તબિયત સારી રહેતી ન હોવાથી અને અરજદાર અમારું ઘર છોડી ગયેલા ત્યારથી અમો ઘરનું કામકાજ તથા માતાની સાર સંભાળ માટે અમારી પ્રાઈવેટ નોકરી માંથી રાજીનામું આપેલ છે. અને હાલમાં અમો કોઈ પણ પ્રકાર નું કામ ધંધો કરતાં નથી અને અમોની માતા નું પેન્શન રૂપિયા ૧૫૦૦૦/ આવે છે જેમાં થી અમારી માતા અમોના રહેઠાણ માટે મકાન સારા આશયથી લીધેલ જે મકાન નો માસિક હપ્તો રૂપિયા.૭૦૦૦/–નો આવે છે થતા ભરવાનો થાય છે તથા ઘરનું લાઇટ બિલનો ખર્ચ માસિક ૩૦૦૦/– તથા ઘરના કરિયાણા નો ખર્ચ ૫૦૦૦/– માસિક થાય છે એ વાત ખરી નથી અમો સામાવાળાઓ બે પાકા ધાબાવાળા મકાનો ધરાવે છે તેમજ પ્લોટની જમીન પણ ધરાવે છે અને બીજી અન્ય સ્થાવર તેમજ જંગમ મિલકતો ધરાવે છે આમ સામાવાળાઓ સાધન, સંપન અને સુખી છે અને સામાવાળાઓ જે રીતે જીવન જીવી રહેલા છે. આ કામ ના અરજદાર ના પિતા સુખી સંપન તથા અરજદાર ના ઓ ને તેમના પિતા ના કહેવાથી અમારો ત્યાગ કરેલ છે અને પોતે યશ મેડિકલ માં નોકરી કરી માસિક રૂપિયા.30,000/– જેટલી આવક ધરાવે છે અને પોતે હરવા ફરવાના તેમના શોખના લીધે અમારા ત્યાગ કરેલ છે. અને પુત્ર અમો સાથે રહેતો હોવા છતાં તેનો અભ્યાસ બગાડી તેમની જાતે ચાલી ગયેલા. અમારા માથે ઘરડા ૭૩ વર્ષ ના માતાની સારસંભાળ રાખવાની તેમજ મકાનની લોન ભરવાની તથા માંતા ની દવા અને સારવારમાં માસિક ૨૦૦૦/જેટલો ખર્ચ થાય છે. આ કામના અરજદારને અમો એ કોઈ મારઝુડ કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, દહેજની માંગણીઓ કરી, ધમકીઓ આપી ઘરમાંથી કાઢી મુકેલ નથી અને અરજદાર તેમની જાતે તેમના પિતા ના ઘરે ઇડર મુકામે ઉપર બતાવેલ ઠેકાણે જતાં રહેલ છે,અમો સામાવાળાઓએ અરજદારને અવારનવાર કોઈ ધમકીઓ આપી નથી. અરજદાર જાતે ચાલ્યા ગયેલ હોઇ અને પોતે પ્રાઇવેટ માં યશ મેડિકલ માં નોકરી કરી માસિક 30,000/– જેટલી આવક ધરાવે છે તથા તેમના પિતાની માસિક આવક 30000/– જેટલી છે તથા તેમના પિતાને અરજદાર સિવાય અન્ય કોઈની જવાબદારી નથી. અરજદાર લગ્ન અગાઉથી યશ મેડિકલમાં નોકરી કરી માસિક 30,000/ જેટલી આવક ધરાવે છે અને અરજદારે જાતે અમારો ત્યાગ કરેલ છે અને અમો એ તેડી લાવવા પણ ઘણી વાર સમાજીક રીતે પ્રયત્ન કરેલ હોવા છતાં પોતે આવવા માંગતા ના હોઇ તેવું અરજદારે તેઓની ૪૯૮(ક) ની ઉલટમાં જણાવેલ છે અને પોતે તેમની મરજીથી અમારો વિના કારણે અમારા ત્યાગ કરેલ હોઈ અરજદારની અરજી નામંજુર કરવા મહેર કરશોજી.**તેમની અરજદારના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેમણે જણાવેલ છે કે,** મારા લગન સને ૨૦૦૯ માં હિંમતનગર મુકામે અરજદાર સાથે થયેલા. એ વાત ખરી છે કે લગ્ન બાદ હુ અરજદાર ચંદ્રાવતીબેન ને મારા ઘરે લઇ ગયેલો. એ વાત ખરી છે કે લઇ ગયા પછી લગન જીવત થોડુ સારુ ચાલેલુ. એ વાત ખરી છે કે મારે લગ્ન જીવત દરમ્યાન એક દિકરો આર્ય નો જન્મ થયેલો. જેની ઉમર આસરે ૧૫ વરસ ની છે. એ વાત ખરી નથી કે જન્મ અંગેનો ડીલીવરીનો તમામ ખર્ચ અરજદારના પિતાએ કરેલો. એ વાત ખરી છે કે અરજદાર ચંદ્રાવતીબેન ને લગન બાદ હુ અમદાવાદ નરોડા મુકામે લઇ ગયેલો. એ વાત ખરી છે કે હુ નરોડા નોકરી કરતો હતો. એ વાત ખરી નથી કે મારે ખેતીની આવક છે. એ વાત ખરી નથી કે

મારે વતનમાં અને અમદાવાદ મુકામે બે મકાન આવેલ છે. એ વાત ખરી નથી કે અરજદાર ચંદ્રાવતીબેન મને લગ્ન બાદ લઈ ધાકધમકી આપેલી નથી. એ વાત ખરી છે કે મારા માતાને પેન્સન આવે છે. એ વાત ખરી છે કે મારા વિરુધ્ધ માં હાલનો કેસ તથા ૪૯૮(ક) નો તથા ફેમીલી કોટમાં કેસ ચાલે છે. એ વાત ખરી નથી કે અમદાવાદ મુકામેનો ફ્લેટ ખરીદવા માટે અરજદાર ચંદ્રાવતીબેન ના પિતાએ મને ૩ લાખ આપેલા. એ વાત ખરી નથી કે નરોડા મુકામેનુ ફલેટ મારા નામ છે. સાહેદ જણાવે છે કે મારા અને અરજદાર ચંદ્રાવતીબેનના જોઈન્ટ નામે છે. એ વાત ખરી નથી કે આ ફલેટના હપ્તા પૈસા અરજદાર ચંદ્રાવતીબેન ભરેલા. એ વાત ખરી છે કે અરજદારને લગ્ન વખતે તથા શ્રીમંત વખતે તેમના માતા પિતાએ દરદાગીના આપેલા. એ વાત ખરી નથી કે અરજદારના દરદાગીના મારી પાસે છે. સાહેદ જણાવે છે કે પોલીસ લઈને આવેલા અને અરજદાર પરત લઈ ગયેલા છે. એ વાત ખરી છે કે તા.૬/૦૩/૨૦૨૩ ના રોજ અમે અમદાવાદ થી કોઢબા મુકામે ગયેલા. સાહેદ જણાવે છે કે હોળી કરવા ગયેલા. એ વાત ખરી નથી કે આ તહેવાર વખતે મેં તથા મારી માતા એ અરજદારને શારીરીક માનસીક ત્રાસ આપેલો. એ વાત ખરી નથી કે મેં અરજદાર ચંદ્રાવતીબેન ને કાઢી મુકેલ છે. સાહેદ જણાવે છે કે તેનો બાપ આવીને લઈ ગયેલ છે. એ વાત ખરી નથી કે મેં અરજદારને મારજુડ કરેલી. એ વાત ખરી નથી કે હુ સીકયોરીટી પેટે નોકરી કરુ છુ અને સારો પગાર મેળવુ છુ. સાહેદ જણાવે છે કે અત્યારે કરતો નથી. સાહેદ જણાવે છે કે મારા માતા ને બસમાંથી પડી જતા માંથામાં ટાકા આવેલ હોય બે મહીના થી નોકરી કરતો નથી. એ વાત ખરી નથી કે મારા માતાને દર મહીના રૂ.૨૦૦૦/– નો ખર્ચો થતો હોવાની વાત હુ ખોટી કરુ છુ. એ વાત ખરી નથી કે હુ નોકરી દરમયાન બીજુ કામ કરીને માસ્કિ રૂ.૩૦,૦૦૦/– કમાઉ છુ. એ વાત ખરી નથી કે મારે અરજદાર ચંદ્રાવતીબેન ને લઈ જવા ન હોય તેથી આ ખોટી જુબાની આપુ છુ.

**(૧૧)..** અરજદારની ઉલટતપાસ ધ્યા ને લેતાં એવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે સામાવાળા અરજદાર સામાવાળા ધ્વારા શારીરિક માનસિક યાતના તેમજ ઘરેલુ હિંસાનો ભોગ બનેલા છે અને એ હકીકત નકારી શકાય તેમ નથી કે, સામાવાળાએ અરજદારને માનસીક અને શારીરીક રીતે ત્રાસ આપેલ છે તેમજ સામાવાળા એવી કોઈ પણ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે, તેઓએ અરજદારને માનસીક કે શારીરીક ત્રાસ આપેલો ના હોય. ઉલટાનુ સામાવાળાની ઉલટતપાસ પરથી એવુ ફલીત થાય છે કે, સામાવાળા સધ્ધર લોકો છે. તેમજ તેઓ પોતાનો નરોડા મુકામે ફલેટ પણ ધરાવે છે. તેમજ તેઓ અરજદારનુ ભરણપોષણ કરવા માટે સક્ષમ વ્યકિત છે.

એ સંજોગોમાં ઘરેલુ હિંસાની કલમ–૧૮ મુજબ મેજીસ્ટ્રેટ બંન્ને પક્ષકારોને સાંભળવાની તક આપ્યા બાદ જો પ્રથમ દર્શનીય રીતે એવું ફલીત થાય કે, ઘરેલુ હિંસા બનેલ છે કે બનવાની સંભાવના છે તો અરજદારની તરફેણમાં સંરક્ષણ હુકમ કરી શકશે અને સામાવાળાને નીચેના કાર્યો કરતા રોકી શકશે.

(૧) ઘરેલુ હિંસાની કોઈપણ પ્રવૃતિ કરતા રોકી શકશે.

(૨) ઘરેલુ હિંસાને મદદ કરતી હોય તેવી કોઈપણ પ્રવૃત્તિને કરતા રોકી શકશે.

(૩) ભોગબનનારના ઓફીસના સ્થળે જતા રોકી શકશે, અને જો ભોગબનનાર બાળક હોય તો તેના સ્કુલે જતા પણ રોકી શકશે.

(૪) ભોગબનનાર સાથે કોઈપણ પ્રકારના વ્યકિતગત મૌખિક કે લેખિત કે કોઈપણ પ્રકારનો ઈલેકટ્રોનીક અથવા તો ટેલીફોનીક કોન્ટેક કરતા રોરી શકશે.

(૫) કોઈપણ પ્રકારનુ ભોગબનનારની સંયુકત રીતે આવેલી સંપત્તિઓ અથવા તો બેન્ક એકાઉન્ટને ઉપયોગ કરતા રોકી શકશે અથવા તો અરજદારનુ કોઈપણ સ્ત્રીધન કે અન્ય કોઈ મિલકત કે સંયુકત રીતે ધરાવતા હોય તે કોર્ટની સંમતિ વગર વેચી શકશે નહી.

(૬) ભોગબનનારના કોઈપણ આધારીત વ્યકિતઓને તેમજ સંબંધીઓને કોઈપણ પ્રકારનુ હિંસાનુ કૃત્ય કરતા રોકી શકશે.

કલમ-૧૮ ની જોગવાઈઓ ધ્યાનમાં લેતાં સામાવાળાને એવો હુકમ કરવામાં આવે છે કે, સામાવાળાએ કોઈપણ પ્રકારે અરજદારને મળવાનો કે મૌખિક કે ટેલીફોનીક રીતે કોઈપણ પ્રકારનો સંપર્ક કરવાનો પ્રયત્ન ન કરે તેવો આદેશાત્મક હુકમ કરવામાં આવે છે.

**(૧૨)..** ઘરેલુ હિંસાની કલમ-૧૯ ધ્યાને લેવામાં આવે તો, અરજદારને રહેઠાણનો હુકમ જો મેજીસ્ટ્રેટ એવા પ્રાથમિક દૃષ્ટિએ અનુમાન ઉપર આવે કે, ઘરેલુ હિંસા બનેલી છે તો અરજદારના તરફેણમાં તેણે સામાવાળાના ઘરે રહેવા માટે અથવા તો તેના માટે કોઈપણ રહેઠાણની વ્યવસ્થા કરવા માટેનો હુકમ કરી શકશે. જેથી ઘરેલુ હિંસાની કલમ-૧૯ પ્રમાણે સામાવાળાઓને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારોને અરજ તારીખથી માસિક **રૂા.૩,૦૦૦/-** રહેઠાણ માટે ચુકવી આપવાનો અથવા તો સામાવાળાઓ પોતાના ઘરે અરજદારોને અલગથી રહેવા માટેની વ્યવસ્થા કરી આપે અને સામાવાળાઓ તેઓના ઘરમાંથી અરજદારોને કાઢી ન મૂકે તેવો આદેશાત્મક હુકમ કરવામાં આવે છે.

**(૧૩)..** ઘરેલુ હિંસાની કલમ-૨૦ ધ્યાને લેવામાં આવે તો, મેજીસ્ટ્રેટની એવી સત્તા આપવામાં આવેલ છે કે, નાણાંકીય રાહત માટે આદેશ કરી શકે અને કેટલા સમયમાં તે નાણાંકીય રાહત ચુકવી

આપવી તે માટેની સમય મર્યાદા મેજીસ્ટ્રેટ નિયત કરી શકે છે. આ નાણાંકીય રાહત ચુકવવાના નિર્દેશમાં મેજીસ્ટ્રેટ માત્ર નાણાંકીય રાહત નહી પરંતુ આવકનુ નુકશાન, તબીબી ખર્ચ, વ્યથિત વ્યકિતના નિયંત્રણ હેઠળની કોઈ મિલકતનો નાશ, નુકશાન કે ખસેડીને કરેલા તેમજ ભરણપોષણ ફોજદારી કાર્ય સંહિતા ૧૯૭૩ ની કલમ–૧૨૫ અથવા તતસમયે અમલમાં હોય તે કાનૂન હેઠળ હોય તે સહિત કે તે ઉપરાંતનો સમાવેશ થાય છે. સદરહું કેસમાં અરજદાર પોતે ઓશિયાળું જીવન જીવતા હોવાથી તેમજ અરજદારને માનસિક અને શારીરિક ત્રાસ આપેલ છે. આ તમામ સંજોગો જોતાં તેમજ સામાવાળાની આર્થિક પરિસ્થિતિ જોતાં આ કામના સામાવાળા નં.૧ નોકરી કરે છે અને માસિક રૂા. ૨૫,૦૦૦/–નો પગાર મેળવે છે તેમજ સામાવાળા નં.૧ના પિતા ગુજરી ગયેલ છે અને સામાવાળા નં.૨ માસિક આશરે રૂા.૨૦,૦૦૦/– પેન્શનની રકમ મેળવે છે પરંતુ, અરજદારે સામાવાળાની જે આવક જણાવેલ છે તે આવક અંગેનો કોઈ આધારભુત પુરાવો રજુ કરેલ નથી. આ સંજોગો જોતાં ''હેલ્ધી બોડી'' ના સિધ્ધાંત પ્રમાણે જો કોઈ એક માણસ સશકત હોય તેમજ કોઈપણ પ્રકારની ખોડખાંપણ ન હોય તો દિવસમાં મજુરી કરીને ઓછામાં ઓછી રકમ **રૂા.૧,૦૦૦/– થી ૧,૨૦૦/ –** કમાઈ શકે છે. આમ, ૩૦ દિવસના આશરે **રૂા.૩૬,૦૦૦/ –** કમાઈ શકે છે.

ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં તેમજ એ હકીકત કે અરજદારોનુ ભરણપોષણ કરવું તે સામાજીક અને નૈતિક તથા કાયદાકીય દૃષ્ટિએ પણ સામાવાળા પતિની ફરજ બને છે. આ કામે રજુ થયેલ અરજદારોની અરજી તથા સોગંદ ઉપરની સરતપાસ જોતાં રાહતની રકમ પક્ષકારોની સામાજીક અને આર્થિક પરિસ્થિતિ તથા જીવન જરૂરિયાતના ખર્ચ અને હાલની મોંઘવારી ધ્યાનમાં રાખીને નકકી કરવાની રહે છે, પરંતુ, આ રકમ એટલી બધી વધુ કે અન્યાયી ન હોવી જોઈએ કે જેથી પક્ષકારો એકબીજાથી અલગ રહેવા માટે પ્રેરાય અને સામાજીક લગ્ન વ્યવસ્થા તુટી પડે તેમજ એટલી ઓછી પણ ન હોવી જોઈએ કે જેનાથી અરજદારને ભુખે મરવાનો વારો આવે. સામાવાળાની આવક સામાવાળાની આર્થિક સધ્ધરતા તેમજ હાલની મોંઘવારીની પરિસ્થિતિ અને અરજદારોની જરૂરિયાતો વિગેરે મુદ્દાઓ નજર સમક્ષ રાખતા આ કલમ હેઠળ ભરણપોષણની રકમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદારને નાણાંકીય સહાય પેટે **રૂા.૭,૦૦૦/–** આ કામના અરજદારને ચુકવવા માટે આદેશ કરવો યોગ્ય અને ન્યાયિક જણાઈ આવે છે.

**(૧૪)..** ઘરેલુ હિંસાની કલમ–૨૨ ધ્યાને લેવામાં આવે તો, હેઠળના આદેશ ઉપરાંતની જોગવાઈ આ કલમથી કરવામાં આવી છે, વળતર માટે દહેશત અને તે કારણે ભવિષયમાં શું બનશે તેનો અંદાજ મૂકી શકાય નહી, વળતર માટેના આદેશમાં અન્ય કોઈ મુદ્દા નથી પરંતુ વાસ્તવિક રીતે નુકશાન કે હાનિ થવા પામી હોય તે બાબત સૌથી અગત્યની છે. આ કલમમાં **compensation** (વળતર) એવો શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. સામાન્ય પરિભાષામાં અને વ્યવહારિક રીતે આ શબ્દ એ જ અર્થ ધરાવે છે જે અર્થમાં કાનૂની પરિભાષામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે એટલે એમ કહી શકાય કે જે નુકશાન થવા પામ્યુ હોય તે ભરપાઈ કરી આપવા માટે જે આદેશ કરવામાં આવે તે વળતરનો આદેશ કરી શકાય. મોટાભાગના કિસ્સામાં વળતરનો આદેશ નાણાંના સ્વરૂપમાં જ કરવામાં આવે છે. કૌટુંબિક હિંસાના કારણે ઈજા થવા પામી હોય કે નુકશાન થવા પામ્યુ હોય તેનુ વળતર આપી શકાય તથા નુકશાન તથા ઈજા દેખી શકાય છે અને તેથી તે ઈન્દ્રિયગ્રાહય છે. આ કલમમાં માનસિક ત્રાસ તથા ભાવનાત્મક સંતાપ કૌટુંબિક હિંસા આચરવામાં આવ્યા હોય તો તેની નુકશાની આપી શકાય તેવી જોગવાઈ કરવામાં આવી છે. જયારે આવશ્યક હોય ત્યારે સતત અને લાંબી તબીબી સારવાર કરાવવામાં ન આવે તો પણ તે ભાવનાત્મક સંતાપ કહી શકાય કાના વર્તુળ કે સ્વજનોમાં વ્યથિત વ્યકિતની સતત નિંદા કરવામાં આવે અથવા તેને અપમાનિત કરવામાં આવે કે બધાની વચ્ચે ઉતારી પાડવામાં આવે તે પણ ભાવનાત્મક સંતાપનો એક પ્રકાર છે અને તેવા સંજોગોમાં આ કલમ અન્વયે હુકમ કરી શકાય.

**(૧૫)..** ઉપરોકત ચર્ચા મુજબ પુરાવાઓથી અરજદાર તરફે કલમ–૨૨ હેઠળ સામાવાળા ધ્વારા થયેલ કૌટુંબીક હિંસાના કૃત્યોથી થયેલ માનસિક યાતના અને લાગણીશીલ પીડા સહીતના વળતર માટે અરજદાર સાથે કૌટુંબીક હિંસા થયેલ હોવાનું પુરવાર થતું હોઈ શારીરીક અને માનસિક યાતના અન્વયે આ કાયદાની જોગવાઈઓ મુજબ અરજદારણ વળતર મેળવવા હકકદાર બને છે તેવુ મારૂ માનવુ હોઈ તેમજ હાલના કેસના તમામ સંજોગો ધ્યાને લેતા અને હાલની મોંઘવારી નજર સમક્ષ રાખતા અરજદારને **વળતર પેટે રૂા.૧૦,૦૦૦/–** અપાવવા યોગ્ય જણાઈ આવે છે.

**(૧૬)..** આ ઉપરાંત અરજદારની લગ્ન યાદીમાં જણાવેલ તમામ સ્ત્રીધનની ચીજવસ્તુઓ સામાવાળા સામાવાળા પાસે હોય તે તમામ સ્ત્રીધન પ્રોટેકશન ઓફીસરને સાથે રાખી અરજદારને સોંપી આપવાનો આદેશ કરવામાં આવે છે અને આ માટે અરજદાર પ્રોટેકશન ઓફીસર સહિત પોલીસની મદદ

પણ લઈ શકશે. આમ, ઉપરોકત ચર્ચાના અંતે તમામ સંજોગો અને હકીકતો જોતાં અરજદારની હાલની અરજી અન્વયે મુદ્દા નં.૩ પરત્વે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) અરજદારોની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) સામાવાળાએ ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૧૮ મુજબ રક્ષણનો આદેશ આપવામાં આવે છે કે, સામાવાળા અરજદાર સાથે કૌટુંબિક હિંસાનું કોઈ કૃત્ય કે કાર્યલોપ કરવું કે કરાવવું નહીં કે તે રીતે અરજદારોને ધાક ધમકી આપવી કે અપાવવી નહીં.

(૩) સામાવાળાના રહેઠાણ અંગેના સધ્ધરતાની માલિકીના પુરાવા ધ્યાને લેતાં, સામવાળાએ ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૧૯ મુજબ અરજદારને અરજ તારીખથી માસિક **રૂ.૩,૦૦૦/– (અંકે રુપીયા ત્રણ હજાર પુરા)** રહેઠાણ પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અથવા તો સામાવાળાઓ પોતાના ઘરે અરજદારોને અલગથી રહેવા માટેની વ્યવસ્થા કરી આપવી.

(૪) આથી સામાવાળાએ ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૨૦ હેઠળ કૌટુંબીક હિંસા અંગે અરજદારણે માંગેલ દાદ અન્વયે અરજદારને નાણાંકીય સહાય પેટે માસિક **રૂ.૭,૦૦૦/– (અંકે રૂપિયા સાત હજાર પુરા)** હાલની અરજીની તારીખથી ચઢયે ચઢયા ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૫) સામાવાળાએ ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૨૨ હેઠળ કૌટુંબીક હિંસા અંગેના વળતર પેટે લમસમ **રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)** અરજદારને ચુકવી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૬) પ્રોટેકશન ઓફીસરે સામાવાળાઓને તેઓના કબ્જામાં રહેલી અરજદારની તમામ સ્ત્રીધનની ચીજવસ્તુઓ તથા અરજદારના તમામ ડોકયુમેન્ટ તથા ઘરવખરીનો સામાન તથા ફર્નીચર પોલીસની મદદ લઈ પોલીસને સાથે રાખી અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) રક્ષણ અધિકારીશ્રીને આદેશ આપવામાં આવે છે કે, જો અરજદાર હુકમના અમલ માટે મદદ, સહાય માંગે તો ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની જોગવાઈઓ તથા નિયમોને આધીન યોગ્ય કાયદેસરની મદદ અરજદારને પુરી પાડવી.

(૮) આ કામે અરજીના પક્ષકારોને આ હુકમની નકલ વિનામુલ્યે પુરી પાડવી.

હુકમ આજ તારીખ ૦૮.૦૬.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઈડર
તા.૦૮/૦૬/૨૦૨૬

**( ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જ્યુડી. મેજી.મુ.ઈડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//M.B.S//